ગાંધીનગર સમાચાર
તા. ૯-૪-૨૦૧૫, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

મોદી સરકાર માટે શિરોવેદના પુરવાર થઈ રહેલ ખેડૂતોના પ્રશ્નો

અંગત રીતે મોદી કદાચ ખરેખર ખરેખર ખેડૂતોનું હિત ઇચ્છતા હોય તો પણ જે કોર્પોરેટ લોબીના અઢળક નાણાકીય સહકારને કારણે તેઓ સત્તા સ્થાને પહોંચી શક્યા છે, એને નારાજ કરવાનું એમનું ગજું નથી. તેથી કૉંગ્રેસના શાસનકાળમાં રજૂ થયેલ જમીન સંપાદન ખરડો તેઓ એ જ સ્વરુપે પસાર કરાવી શકવા સહમત નથી થઇ શક્યા અને પોતાના સમર્થક માલેતુજારોને કોઇ પણ ભોગે લાભ અપાવવાની હઠે ચઢ્યા છે. સામે પક્ષે ખેડૂતોનો ટેકો જળવાઇ રહે એ માટે મોદીએ કમોસમી વરસાદને કારણે ખેડૂતોની નોટોનું બંડલ સળગી ગયું હોવાનું સંવેદનશીલ નિવેદન કરી અગાઉ ૫૦ ટકા નુકશાન પર વળતર અપાતું હતું એને ઠેકાણે ૩૩ ટકા નુકશાન પર વળતર આપવાની અને વળતર દોઢ ગણું કરવાની જાહેરાત કરી છે. આ માટે તેઓ દેશમાં ઠેકઠેકાણે ખેડૂત સંમેલનો યોજીને પોતે જે કંઇ કરી રહ્યા છે તે ખેડૂત અને ખેતીના હિતમાં કરી રહ્યા હોવાનું પ્રતિપાદિત કરવા મથશે. રવિ મોસમમાં કમોસમી માવઠાં અને કરા પડવાથી દેશમાં ઠેકઠેકામે ખેડૂતવર્ગને ભારે નુકશાન પહોંચ્યું છે. ઉત્તરપ્રદેશથી લઇ મહારાષ્ટ્ર સુધી હાહાકાર મળી ગયો છે. પાક નિષ્ફળ જતા દેવાદાર થઇ ગયેલા ખેડૂતો હતાશ થઇ આત્મહત્યા કરી રહ્યા છે. સરકાર માટે આ સમસ્યાનો ઉકેલ લાવવાનું કામ ધાર્યા કરતાં ઘણું વધારે અઘરું છે. અગાઉ યુપીએ સરકાર વખતે વર્તમાન શાસકો અને ખાસ તો નરેન્દ્ર મોદી ખેડૂતોની આત્મહત્યાનો મુદ્દો ચગાવીને રાજકીય લાભ ખાટવાની એક પણ તક ચૂક્યા નથી. હવે એ જ મુદ્દો બૂમરેંગ થઇ એમની સામે આવ્યો છે. મહારાષ્ટ્રમાં અત્યારે ભાજપ-શિવસેનાની સરકાર છે અને આત્મહત્યાનો સિલસિલો પૂર્વવત્ ચાલુ છે. ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીની સરકાર છે, એટલે ત્યાં રવિ મોસમની નિષ્ફળતાને કારણે હતાશ થયેલા ખેડૂતોની આત્મહત્યા માટે ભાજપનું પ્રતિનિધિમંડળ અખિલેશ અને મુલાયમસિંહને જવાબદાર ઠેરવવાની કોશિશ કરે છે. મરનાર ખેડૂતના અનાથ બની ગયેલા પરિવારને સરકારે આર્થિક સહાય કરી સાચવી લેવું જોઇએ, એવી માગણી સામે પણ કેન્દ્રના કૃષિમંત્રી રાધામોહનસિંહ પાસે કોઇ નક્કર ઉકેલ નથી. તેઓ એ અંગેની જવાબદારી રાજ્ય સરકાર પર ઢોળી દે છે. આપદા પ્રબંધન ફંડમાંથી તે પોતાની રીતે પીડિત પરિવારોને મદદ કરી શકે છે, એમ કહી કેન્દ્ર છૂટી જવા માગે છે. રાજ્ય સરકારો આવું ફંડ પોતાને યોગ્ય પ્રમાણમાં ફાળવાયું નહીં હોવાની ફરિયાદ કરીને કેન્દ્રને ભોંઠપમાં મૂકી રહેલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખેડૂતોના અસંતોષના સંભવિત પરિણામથી વાકેફ છે. એમણે ગુજરાતમાં માધવસિંહ સોલંકી અને અમરસિંહ ચૌધરીના શાસનકાળમાં ખેડૂત આંદોલનો જોયેલાં છે. કિસાન સંઘ નામે ઓળખાતી રાષ્ટ્રીય સ્વયં સંઘ પ્રેરિત સંસ્થાને પોતાની ખેડૂત તરફી ઇમેજ સ્થાપિત કરવા માટે તેઓ સક્રિય કરવા મથી રહ્યા છે. જો કે ખુદ કિસાન સંઘના અગ્રણીઓ અંદરખાને સરકારની ઉદ્યોગ તરફી નીતિથી નારાજ છે. તેથી ગડકરીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના મંત્રીઓની એક ટુકડી ઠેકઠેકાણે પહોંચી જઇ ખેડૂતોને થયેલ નુકશાનનું સર્વેક્ષણ કરી રહી છે. ગડકરીના નેતૃત્વ હેઠળ આગ્રા જઇ આવેલ કમિટીમાં ગુજરાતમાંથી ચૂંટાયેલા ખેડૂતપુત્ર અને મોદીના વિશ્વાસુ ગૃહ રાજ્યમંત્રી હરિભાઇ ચૌધરીનો પણ સમાવેશ થયેલ છે. આ સર્વેક્ષણનો અહેવાલ ગડકરી વડાપ્રધાનને સુપરત કરશે અને પછી સરકાર એ માટે 'યોગ્ય' પગલાં ભરશે; આપઘાત કરનાર ખેડૂતના રઝળી પડેલ પરિવારની મદદ કરશે. ઉમાશંકર જોશીના સોનેટ 'બળતાં પાણી'ની છેલ્લી કડી યાદ આવે છે : 'અરે, એ તે ક્યારે? - ભસમ સહુ થઇ જાય પછીથી?'

(તસવીર : કશ્યપ નિમાવત)

નહેરુ યુવા કેન્દ્ર દ્વારા પ્રયૌશા ચેરીટેબલ ટ્રસ્ટનાં ઉપક્રમે પોર ગામની બહેનો માટે એમ્બ્રોઇડરી વર્ક અને સોફ્ટ ટોયસનાં તાલીમ વર્ગો શરુ કરવામાં આવ્યા હતા. આ તાલીમાર્થી બહેનોને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ ગઇકાલે યોજવામાં આવ્યો હતો. જેમાં હિનાબેન પટેલ (જીલ્લા પંચાયત પ્રમુખ), આઇ.એ.વોરા (નિવૃત્ત સનદી અધિકારી) રજનીકાંત સુથાર, (યુથ કોર્ડીનેટર, નહેરુ યુવા કેન્દ્ર) ડૉ. મયુર જોષી (ઉદ્‌ગમ ટ્રસ્ટ), સ્વાતિ મેડમ - મેનેજર દેના બેંક, પોર, ઉર્વીશ દવે મેનેજર એ.ડી.સી. બેંક, બાબુભાઇ ઠાકર અગ્રણી પોર, ઉપસ્થિત રહ્યા હતા. પ્રયોશાના લક્ષ્મી જોષીએ મહાનુભાવોનાં સ્વાગત પરિચય આપ્યો હતો. આ કાર્યક્રમમાં પોર ગામનાં બે યુવક મંડળને 'સ્પોર્ટ્સ કીટ'નું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલતન કશ્યપ નિમાવતે કર્યું હતું.

બાહ્ય અને આંતરિક સ્વચ્છતા પર અક્ષરધામ ખાતે પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા. ૮

વડાપ્રધાનશ્રીના સ્વચ્છતા અભિયાનને કારણે સ્વચ્છતાની વાતો કરીને સંતોષ મેળવવો તે જુદી વાત છે અને આદર્શ સ્વચ્છતાનું ઉદાહરણ કોઇ પણ અભિયાન વગર મૂકપણે પુરું પાડવું તે અલગ વાત છે. સ્વામિનારાયણ સંપ્રદાયની વિવિધ પ્રકારની સ્વચ્છતા અંગે આજથી ૬૪ વર્ષ પૂર્વે કવિવર ન્હાનાલાલે જાત અનુભવ કરીને લખ્યું હતું કે, 'શ્રીજીએ પ્રવર્તાવેલ ધર્મમાર્ગની લાક્ષણિક શી લેખાય?' એ ધર્મમાર્ગ છે આચાર સ્વચ્છતાનો, વિચાર સ્વચ્છતાનો, આંતર સ્વચ્છતાનો, સર્વદેશીય અંતર્બહિસ્વચ્છતાનો, સ્વામિનારાયણ સંપ્રદાય એટલે સ્વચ્છતાનો સંપ્રદાય. એની ઉજળામણ જ અનોખી!'

આપણા આધ્યાત્મિક વારસામાં મળેલ આંતરિક સફાઇના ઉપાયો પણ વિદ્વાન સાધુપુરષો દ્વારા આપણને મળતા રહ્યા છે. મનુષ્ય જીવનમાં બાહ્ય અને આંતરિક સ્વચ્છતા કેવી રીતે થઇ શકે તેના સરળ ઉપાયોની વિશેષ જાણકારી અને આચરણ માટે જ અક્ષરધામ આર્ષ પ્રવચનમાળા અંતર્ગત ૭૧માં પ્રવચનનું આયોજન તા. ૧૧-૪-૨૦૧૫ના રોજ સાંજે ૪.૩૦ કલાકે હરિમંદિર, અક્ષરધામ સે.૨૦ ખાતે કરવામાં આવેલ છે.

જેમ બી.ડી. આર્ટસ કૉલેજ, અમદાવાદના પ્રૉ. ડૉ. જયેશભાઇ માંડણકા, બાહ્ય સ્વચ્છતા ઉપર તથા બી.એ.પી.એસ. સંસ્કૃત મહાવિદ્યાલય સારંગપુરના વરિષ્ઠ પ્રાધ્યાપક પૂજ્ય અક્ષરચરણદાસ સ્વામી, આંતરિક સ્વચ્છતા ઉપર પ્રવચન આપશે. તો આ પ્રવચનમાં સુજ્ઞ નાગરિકોને સહકુટુંબ મિત્રમંડળ સહિત પધારવા જાહેર નિમંત્રણ છે.

એનએસયુઆઈના કાર્યકરોએ પોલિટેકનિક હોસ્ટેલમાં અસુવિધાઓને લઈને જોરદાર દેખાવો કર્યા હતા.

વૈકલ્પિક સારવાર પદ્ધતિમાં હોમિયોપેથીનું વધતું ચલણ

એલોપેથીની સરખામણીમાં સરળ - સાદી પદ્ધતિ - કિફાયતી અને આડઅસર વિનાની દવાઓ : આશરે બસ્સો વર્ષ પૂર્વે જર્મનીમાં શોધાયેલ પદ્ધતિ : નિર્દોષ પ્રાણીઓ પર નહીં પરંતુ મનુષ્યો પર પ્રયોગો કરી શોધ કરાઈ હતી

ગાંધીનગર, તા. ૮

કોઈપણ દર્દની સારવાર માટે વપરાતી પ્રચલિત એલોપથી સિવાય ભારતમાં અન્ય વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓ જેવી કે આયુર્વેદ, યોગ, યુનાની, સિદ્ધા અને હોમિયોપેથી પણ ઉપયોગમાં લેવાય છે. આ તમામ પદ્ધતિઓમાં હોમિયોપેથી દવાઓ ખૂબ કિફાયતી અને આડ-અસર વિનાની હોય છે એવું માનવામાં આવે છે કે જો નિષ્ણાંત હોમિયોપેથીની દોરવણી હેઠળ વ્યક્તિગત બંધારણ અને લક્ષણોને અનુરૂપ હોમિયોપેથીક દવા લેવામાં આવે તો ઘણીવાર ઓપરેશન કે સર્જરી પણ નિવારી શકાય છે.

ગાંધીનગરમાં પણ ધીરે ધીરે હોમિયોપેથી અંગે લોકોમાં જાગૃતિ વધતી જાય છે અને દિવસે ને દિવસે વધુ ને વધુ લોકો પોતાના દર્દ મીટાવવા આ ચિકિત્સા પદ્ધતિને અપનાવવા લાગ્યાં છે. ગાંધીનગરના સેક્ટર-૩/સીના હોમિયોપેથીક ડૉ. બી. આર. જામીના મતે હોમિયોપેથી માત્ર રોગનો જ નહીં પણ સંપૂર્ણપણે રોગીનો ઈલાજ કરે છે. બિમારી દરમિયાન ક્ષીણ થઈ ગયેલી આંતરિક જીવનશક્તિને ફરી ચેતનવંતી બનાવે છે તેમના મતે યોગ્ય રીતે જાળવણી પામેલ હોમિયોપેથીક દવાઓ ૪૦ થી ૫૦ વર્ષ પછી પણ તેની અસર ગુમાવતી નથી. હોમિયોપેથી દવાઓ નિર્દોષ અને આડઅસર વિનાની હોય છે. જોકે આ દવાઓ દર્દીની વર્તમાન બિમારી, તેનો ભૂતકાળનો ઈતિહાસ અને તેની માનસિકતા, બાંધો-બંધારણ, ટેવો-કૂટેવો, આહાર - વિહાર વગેરે જેવી અનેક બાબતોને ધ્યાનમાં લઈને ડૉક્ટર દ્વારા આપવામાં આવે છે.

હોમિયોપેથી એટલે એક એવી સાદી અને સરળ ચિકિત્સા પદ્ધતિ છે કે 'લોહું લોઢાંને કાપે' અથવા 'ઝેરનું મારણ ઝેર' એવા સિદ્ધાંત પર રચાયેલી છે. હોમિયોપેથીની શોધ આશરે બસ્સો વર્ષ પહેલા જર્મનીના એક એમ.ડી. ફિઝીશિયન ડૉ. ક્રિશ્ચિયન ફ્રેડરીક સેમ્યુઅલ હેનમેને નિર્દોષ પ્રાણીઓના બદલે સીધા મનુષ્યો પર જ પ્રયોગો કરીને કરી હતી. નૈસર્ગિક અને આડઅસર વિનાના સિદ્ધાંત પર રચાયેલી હોમિયોપેથીક ઉપચાર અન્ય પદ્ધતિઓની સરખામણીમાં લાંબા ગાળા માટે ઈલાજરૂપે ચાલુ રાખવી પડે તેમ હોય તો પણ આડઅસર વગરની, ગરમ ન પડે તેવી તેમજ સુરક્ષિત હોય છે. આ દવાઓ મુખ્યત્વે વનસ્પતિ, ધાતુઓ, ખનિજ તત્ત્વો, પ્રાણી જ પ્રદાર્થો તથા રસાયણિક પદાર્થોમાંથી બનાવવામાં આવે છે. આ દવાઓ દર્દીની રોગ પ્રતિકારક શક્તિને જાગૃત કરે છે એટલું

● અનુસંધાન પાના - ૭ પર

પોલિટેકનિક કોલેજમાં હજુ પુરતી સુવિધાઓનો અભાવ

કેમ્પસમાં સફાઈ કરાતી નથી : પાણીની ટાંકી, બાથરુમની સ્થિતિ દયનીય : ઝડપી સમસ્યાનો નિકાલ લાવવા માંગણી

અમદાવાદ, તા.૮

અમદાવાદ આવેલ એક માત્ર સરકારી પોલીટેકનીક કોલેજનાં કેમ્પસમાં અસુવિધાઓની વિદ્યાર્થીઓને પારવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે કેમ્પસમાં પીવાના પાણીની ટાંકી તેમજ બાથરૂમની હાલત અત્યંત દયનિય છે. જ્યારે કેમ્પસમાં પણ નિયમીત સફાઈ કરવામાં આવતી નથી ત્યારે આજે વિદ્યાર્થી સંગઠનો દ્વારા મુદ્દે કોલેજનાં સંચાલકોને આવેદનપત્ર પાઠવી પાંચ દિવસમાં પાયાની સમસ્યાઓ નિવારવા માટે માંગ કરવામાં આવી હતી.

અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં આવેલ સરકારી પોલીટેકનીક કેમ્પસમાં વિદ્યાર્થીઓને ઘણી બધી મુશ્કેલીઓ પડી રહી છે. જેમાં ચોખ્ખું પીવાનું પાણી મળતું નથી, બાથરૂમમાં ગંદકી, પાણીના નળમાં વિજ કરંટ તેમજ પુરેપુરા કેમ્પસમાં ગંદકી જ જોવા મળે છે છતાં તંત્ર દ્વારા કોઈ જ નક્કર પગલાં લેવામાં આવતા નથી જેથી વિદ્યાર્થીઓ હેરાન-પરેશાન થઈ રહ્યા છે. આ અંગે અનેક વખત રજૂઆત કરવામાં આવી હોવા છતાં આજ દિવસ સુધી કોલેજ પ્રશાસન દ્વારા કોઈ પગલા લેવાયા નથી ત્યારે આજ રોજ સરકારી પોલીટેકનીક કોલેજના વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીને લીધે એન.એસ.યુ.આઈ ના રાષ્ટ્રીય મહામંત્રી શાહનવાઝ શેખ અને ગુજરાત એન.એસ.યુ.આઈ ના ઉપપ્રમુખ અસરાર સૈયદ અને યુનિવર્સિટી વેલ્ફેર સભ્યની આગેવાનીમાં ૮૦ થી વધારે વિદ્યાર્થીઓ સહિત વિરોધ પ્રદર્શન કરી કેમ્પસના સત્તાધીશોને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને ચોખ્ખા પીવાના પાણીની સમસ્યા, સંડાસ-બાથરૂમની સમસ્યા, હોસ્ટેલમાં પાયાની જરૂરિયાતને લઈને માંગણી કરવામાં આવી હતી અને જણાવવામાં આવ્યું હતું કે, ૫ દિવસમાં જો આ વિદ્યાર્થીઓની પાયાની સમસ્યાઓનું નિરાકરણ કરવામાં નહિ આવે તો કેમ્પસમાં એન.એસ.યુ.આઈ દ્વારા જલદ આંદોલન કરવામાં આવશે.

સે-૧૯ જીમખાના ખાતે સ્વિમિંગ કોચિંગ શરૂ

ગાંધીનગર, તા. ૮

સેક્ટર-૧૯ સ્થિત સ્વિમિંગ પુલ ખાતે સ્વિમિંગ કોચિંત શરુ કરવામાં આવ્યું છે. જેમાં શહેરના બાળકો માટે રેગ્યુલર અને શિખાઉ બેચ તેમજ ટેનિસ શિખાઉ બેચ, સવાર-સાંજ શરુ કરવામાં આવી છે. વેકેશનનો સદુપયોગ કરવા અને સ્વિમિંગ શિખવા ઇચ્છુક બાળકો, મોટેરાઓએ સેક્ટર-૧૯ જીમખાના ઓફિસનો સંપર્ક કરવા જણાવાયું છે.

બકરીનું દૂધ લઇને વ્રતનો અક્ષર પાળ્યો પણ મારા વ્રતનો આત્મા હણાયો!

વિશ્વ આરોગ્ય દિવસ ને બાપુના આરોગ્ય અંગેના વિચારો

વિશ્વ આરોગ્ય દિવસ ગઇકાલે જ ગયો. આ ઉપલક્ષમાં આરોગ્ય સંદર્ભે મહાત્મા ગાંધીના વિચારો મમળાવવાનો યત્ન આપણે કરીએ. પ્રયોગો કરતાં રહેવું અને પ્રયોગોની ભૂલમાંથી જો નિષ્ફળતા મળે કે સફળતા શીખતા રહેવું એવો ક્રમ 'આજીવન શીખનાર' તરીકે તેમનો રહ્યો હતો. વાચન, નિરીક્ષણ અને પ્રયોગોની નિરક્ષીર ચકાસણી તેમણે સતત કરી છે.

જેમ જેમ બાપુમાં જીવનની સાદાઇ વધતી ગઇ તેમ તેમ રોગોને સારું દવા લેવાનો અણગમો જે મૂળથી હતો તેમાં પણ વધારો થતો ગયો. જોહાનિસબર્ગમાં તેમને કબજિયાતમાંથી મુક્તિ મેળવવા રેચની કોઇ ને કોઇ દવા લઇને ગાડું ગબડાવતા. પણ તદ્દન સંપૂર્ણ વ્યાધિમુક્ત થયા ન હતા. રેચમાંથી છુટાય તો સારું એવા વિચાર વલોણાં ચાલતા હતા. તે સમયે યુરોપમાં દાકતરના ઘર શોધવામાંથી છૂટવું હોય તો સવારનું ખાણું - બ્રેકફાસ્ટ છોડી દેવાની ઝુંબેશ ચલાવવા માટે 'નો - બ્રેકફાસ્ટ એસોસિએશન' સ્થપાયું હતું. તેમની દલીલોને ધ્યાને લઇને તેમણે પ્રયોગ ખાતર સવારનું ખાણું છોડી દીધું. બાપુ 'સત્યના પ્રયોગો'માં માટી અને પાણીના પ્રયોગો શીર્ષક હેઠળ (પૃ. ૨૩૩) નોંધે છે કે સવારનું ખાણું છોડ્યું તેનું થોડા દહાડા વસમું તો લાગ્યું, પણ માથાનું દરદ તો ગયું જ. બાપુએ નિરીક્ષણ નોંધ્યુ છે કે મારો ખોરાક હાજત કરતાં વધારે હતો.

લેખક જુસ્ટના પુસ્તક 'રિટર્ન ટુ નેચર'નામના પુસ્તક વાચન પછી વર્ષો જુની કબજિયાતની દવા કરવા તેમણે માટીના ઉપચાર શરુ કર્યા. એ પ્રયોગમાં તેઓ સાફ ખેતરાઉ લાલ કે કાળી માટી લઇ તેમાં માપસર ઠંડુ પાણી નાંખી, કપડામાં લપેટી, પેટ ઉપર પાટાથી બાંધતા ને સવારે કે રાતમાં જાગી જાય તો કાઢી નાખતાં. માટીના પ્રયોગથી બાપુની કબજિયાત નાબૂદ થઇ હતી. પછી તો તેમણે, આ જાત પર કરેલા 'માટી અખતરાઓ'ના પ્રયોગો અનેક સાથીઓ ઉપર કર્યા હતા અને એ ભાગ્યે જ કોઇને નિષ્ફળ ગયા હતા.



ક્ષણે ક્ષણે વૈદ્ય, હકીમ અને દાકતરને ત્યાં દોડવાથી ને શરીરમાં અનેક વસાણાં અને રસાયણો ભરવાથી મનુષ્ય પોતાનું જીવન ટૂકું કરે છે એટલું જ નહીં શરીરનો સ્વામી રહેવાને બદલે મનુષ્ય શરીરનો ગુલામ બને છે એવું લખતા બાપુ કહે છે મારા દોષને કારણે જ હું માંદો પડ્યો છું એનું મને પૂરેપુરું જ્ઞાન અને ભાન છે.

માટીના પ્રયોગો જેવા પ્રયોગો બાપુના ખોરાક વિશે પણ હતા. દક્ષિણ આફ્રિકામાં તેમણે 'આરોગ્ય વિશે સામાન્ય જ્ઞાન' નામે પુસ્તક પણ લખ્યું હતું.

આઝાદીની લડત સમયે કાળા કાયદા તરીકે જેની ઓળખ થઇ હતી તે રોલેટ એક્ટ સામે લડત લડતી વેળાએ અસહ્ય કામ અને ભોજન આરામની અનિયમિતતાએ મરણ પથારી સુધી પહોંચેલા બાપુએ કેટલાંક વૈદ્યોએ વ્યાધિને દૂર કરવા માટે ખાદ્યાખાદ્યનો બાધ ન હોય ને માંસાદિ પણ ખવાય એમ સમજાવતા હતા. છતાં તેમણે આ વૈદ્યોનું માન્યું નહીં. પણ વૈદ્યોની દલીલો અને સમજાવટ તેમને દૂધના ત્યાગમાં કાયમ રહેવામાં મદદ કરી શક્યા ન હતા. ગાય-ભેંસનું દૂધ ન લેવાનું તેમનું વ્રત હતું. વ્રતનો હેતુ તો દૂગ્ધમાત્રનો ત્યાગ કરવાનો હતો. પણ 'રોલેટ એક્ટ' ની સામે ઝૂઝવું હતું, એ મોહ મૂકતો ન હોતો. તેથી જીવવાની પણ ઇચ્છા રહીને બકરીનું દૂધ લેવાનો બાપુએ નિશ્ચય કર્યો. (જુઓ, સત્યના પ્રયોગો, પૃ. ૨૩૬) બાપુ બકરીનું દૂધ લેવાનો નિર્ણય વ્રતનો આત્મા હણાયો એવી લાગણીએ બાપુએ વ્યક્ત કરી છે.

મનુષ્ય માટે જેટલા વિચાર અને વાચાની પસંદગી - ત્યાગ અને સ્વીકાર આવશ્યક છે. તેમ ખોરાકની પસંદગી - ત્યાગ અને સ્વીકાર પણ આવશ્યક છે એવી દલીલ સાથે બાપુ પાછા આરોગ્યના પુસ્તકને આધારે પ્રયોગો કરનારાઓને સાવધાન કરતા ઇચ્છે છે કે દૂધનો ત્યાગ સર્વાંશે લાભદાયી લાગે કે તબીબોની સલાહ હોય જ કરજો. કેવળ મારા પુસ્તકના આધારે દૂધનો ત્યાગ ન કરતા. અગાઉ લકેલા પુસ્તકમાં દૂધની મર્યાદા વિશેના લખાણ/વિચારમાં જે રજૂઆત હતી તે હઠ ન રાખતા ભલામણ પણ તેઓ કરે છે.

ગાંધીજીના આરોગ્ય વિશેના જ્ઞાન સંબંધેના લખાણો સંદર્ભે, છેલ્લા વિચારો માટે 'આરોગ્યની ચાવી' પુસ્તક (વર્ષ ૧૯૪૨, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪) જોવું.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)